# 1. સાંજ સમે શામળિયો

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:**

**1) ગોવાળોમાં ગિરધર કેવા શોભી રહ્યા છે?**

(A) હળધર જેવા

(B) તારામંડળમાં ચંદ્ર જેવા

(C) સોનામાં જડેલા હીરા જેવા

(D) ઉપરના (B) અને (C) બંને જેવા

**2) 'હરિ હળધરનો વીરો' એટલે કોનો વીરો?**

(A) ખેડૂતોનો ભાઈ

(B) હળ ધારણ કરનારમાં હીરો

(C) બલદેવજીના ભાઈ

(D) હરિએ વીરની માફક હળ ધારણ કર્યું છે.

**3) ભગવાન શ્રીકૃષ્ણએ...**

(A) લાલ રંગનાં વસ્ત્રો પહેર્યાં છે.

(B) પીળા રંગનાં વસ્ત્રો પહેર્યાં છે.

(C) હાથમાં મોરપીંછ ધારણ કર્યું છે.

(D) કાનમાં કુંડળ પહેર્યાં નથી.

**4) શ્રીકૃષ્ણની શોભા જોઈને નરસિંહ મહેતા...**

(A) દુ:ખી દુ:ખી થાય છે.

(B) કલ્પાંત કરે છે.

(C) ભાવમુક્ત બની ગયા છે.

(D) હરખ પામી રહ્યા છે.

## 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વક્યોમાં ઉત્તર લખો:

### 1) નરસિંહ મહેતા હરખી રહ્યા છે, કારણ કે...

- નરસિંહ મહેતાના હૃદયમાં શામળિયાનું રૂપ વસી ગયું છે. શ્રીકૃષ્ણએ એમને વહાલથી આલિંગન આપ્યું અને તેઓ તનમનથી શ્રીકૃષ્ણના મુખ પર વારી ગયા. તેમનું રૂપ અતિ કલ્યાણકારી છે. તેથી નરસિંહ મહેતા વહાલાજીની શોભાને સતત નીરખીને હરખાય છે.

### 2) 'સાંજ સમે શામળિયો' કાવ્યના આધારે સાંજના સમયનું દૃશ્ય આલેખો.

- સાંજના સમયે શ્રીકૃષ્ણ વૃંદાવનથી આવી રહ્યા છે. તેમની આગળ ગાયોનું ધણ અને પાછળ સાજન એટલે કે ગોવાળોનું વૃંદ છે. શ્રીકૃષ્ણએ મસ્તક પર મોરમુગટ ધારણ કર્યો છે અને કાનમાં કુંડળ ઝૂલે છે. શરીરે પીતાંબર અને ચુઆ-ચંદનની સુગંધથી મહેકતી ફૂલની પછેડી પહેર્યાં છે.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) કૃષ્ણરૂપ મહાશુભકારી છે એમ કવિ શા માટે કહે છે ?'

- સાંજને સમયે વૃંદાવનથી આવતા શ્રીકૃષ્ણનું રૂપ મનને મોહ પમાડનારું છે. શ્રીકૃષ્ણએ મસ્તક પર મોરમુગટ ધારણ કર્યો છે. એમના કાનમાં કુંડળ ઝૂલે છે. શરીરે પીતાંબર અને ચુઆ-ચંદનની સુગંધથી મહેકતી ફૂલની પછેડી પહેર્યાં છે. જેમ તારામંડળમાં ચંદ્ર શોભે, સુવર્ણના આભૂષણમાં જડેલો હીરો ઝગમગે એમ ગોવાળોના વૃંદની વચ્ચે શામળિયાજી શોભી રહ્યા છે. શ્રીકૃષ્ણનું આ મનમોહક રૂપ કવિના હૃદયમાં વસી ગયું છે. એમને મળવા તેમનું મન વેગથી દોડ્યુ. શ્રીકૃષ્ણએ એમને વહાલથી આલિંગન દીધું અને એમનું મન શ્રીકૃષ્ણના મુખસૌંદર્ય પર વારી ગયું. આથી કવિ કહે છે કે શ્રીકૃષ્ણનું રૂપ મહાશુભકારી એટલે કે કલ્યાણકારી છે.

### 2) કવિના મનમાં કોણ મોહ ઉપજાવે છે?

- સાંજને સમયે વૃંદાવનથી આવતા શ્રીકૃષ્ણએ મસ્તક પર મોરમુગટ ધારણ કર્યો છે. એમના કાનમાં કુંડળ ઝૂલે છે. શરીરે પીતાંબર અને ફૂલની પછેડી પહેર્યાં છે. ફૂલની પછેડી ચુઆ-ચંદનની સુગંધથી મહેકે છે. જેમ તારામંડળમાં ચંદ્ર શોભે, સુવર્ણના આભૂષણમાં જડેલો હીરો ઝગમગે એમ ગોવાળોના વૃંદની વચ્ચે ગિરધર શોભી રહ્યા છે. શ્રીકૃષ્ણનું આ મનમોહક રૂપ કવિના હૃદયમાં વસી ગયું છે, એટલે કે કવિના મનમાં શ્રીકૃષ્ણ મોહ ઉપજાવે છે.